# ટૂંકી મુદતનો પ્રશ્ન

તા.21/08/2024

**ચાંદીપુરા વાયરસથી બાળકોના મોત**

ટૂં. મુ. પ્રશ્ન ક્રમાંક:–15/5/44 **શ્રી ઉમેશભાઇ મકવાણા** (બોટાદ): **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | | જવાબ | |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૦૭/૨૦૨૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્યમાં ચાંદીપુરા વાયરસથી કુલ કેટલા બાળકોના મૃત્યુ થયા, અને | (૧) | તા.૩૧/૦૭/૨૦૨૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્યમાં ચાંદીપુરા વાયરસથી કુલ–૨૧ બાળકોના મૃત્યુ થયા. |
| (૨) | ઉક્ત વાયરસને અટકાવવા સરકાર દ્વારા શું પગલાં લેવામાં આવ્યા છે? | (૨) | ઉક્ત વાયરસને અટકાવવા સરકારશ્રી દ્વારા નીચે મુજબના પગલાં લેવામાં આવ્યા.<br>• આ રોગને અટકાવવા આરોગ્યની ટીમ દ્વારા સઘન સર્વેલન્સની કામગીરી કરવામાં આવેલ છે.<br>• વાયરલ એન્કેફેલાઇટીસના પોઝીટીવ આવેલ તમામ ઘર, આજુબાજુના વિસ્તાર અને ગામોના કાચા ઘરોમાં તાત્કાલિક મેલેથિયોન પાવડરથી ડસ્ટિંગ અને આલ્ફાસાઇપરમેથ્રીનથી સ્પ્રેઇંગ કામગીરી યુદ્ધના ધોરણે કરવામાં આવેલ છે.<br>• વાહજ જન્ય રોગ અટ્કાયતી પગલા લેવા કાચા ઘરોમાં ડસ્ટિંગ અને સ્પ્રેઇંગ કામગીરી તથા શાળામાં, આંગણવાડીમાં પણ ડસ્ટિંગ અને સ્પ્રેઇંગ કામગીરી કરવામાં આવેલ છે.<br>• માન. મુખ્યમંત્રીશ્રી તથા મંત્રીશ્રી (આરોગ્ય), ગુજરાત રાજ્ય દ્વારા જિલ્લા કલેક્ટરશ્રી, જિલ્લા વિકાસ અધિકારીશ્રી, કોર્પોરેશનના મ્યુનિસિપલ કમિશનરશ્રી, ઉપરાંત જિલ્લા/કોર્પોરેશનની મેડિકલ કોલેજ સલગ્ન હોસ્પિટલ, ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલ, સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલના અધિક્ષકશ્રી, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, આરોગ્ય અધિકારીશ્રી મહાનગરપાલિકા, મુખ્ય જિલ્લા તબીબી અધિકારીશ્રી વગેરેની વિડિયો કોન્ફરન્સના માધ્યમથી દૈનિક મોનિટરિંગ અને સુપરવિઝન કરવા તેમજ જાહેર જનતાને રોગચાળા નિયંત્રણ અને અટકાયતી કામગીરીથી માહિતગાર કરવા જણાવેલ.<br>• માન. આરોગ્ય મંત્રીશ્રી દ્વારા આ બાબતે દૈનિક મોનિટરિંગ અને સુપરવિઝન કરવામાં આવેલ છે, તેમજ જાહેર જનતામાં ભયનો માહોલ ના થાય તે માટે પ્રેસ મિડિયાના માધ્યમથી અને ન્યુઝ પેપરના માદયમથી જાહેર જનતાને માહિતગાર કરેલ છે. |

- તા. ૧૯/૦૭/૨૦૨૪ ના રોજ સાબરકાંઠા જિલ્લામાં જીએમઈઆરએસ મેડિકલ કોલેજ સલગ્ન હોસ્પિટલ ખાતે આરોગ્ય મંત્રીશ્રી દ્વારા વાયરલ એન્કેફેલાઈટીસના શંકાસ્પદ કેસો ની રૂબરૂ મુલાકાત લઈ સારવાર વ્યવસ્થા અને રોગચાળા અટકાયત અને નિયંત્રણની કામગીરી માટે સમીક્ષા કરેલ.
- સચિવશ્રી અને કમિશનરશ્રી દ્વારા તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રીને પત્ર દ્વારા રોગ અટકાયતી અને નિયંત્રણની કામગીરી કરવા માટે જણાવેલ છે. રાજ્યકક્ષાએથી ગાઈડ લાઈન અને રોગચાળા નિયંત્રણ અને અટકાયતી કામગીરી કરવા દ્વારા પત્ર દ્વારા જણાવવામાં આવેલ છે.

\-\-\-\-\-\-\-\-\-\-\-\-\-\-\-\-\-\-